## હરિની દૃષ્ટિ...




બાપુજીએ નાનપણમાં જે કરીને છોડી દીધી હતી તે... આદત હજુ આ ઉંમરે મારામાં છે... ચોરીના કેસમાંથી હમણાં જ છુટીને આવ્યો....!!!

# સેક્ટર-૨૯ની ચીપ ટાઈપ શોપીંગમાં મધરાત્રે આગ

## ચામુંડા લેડીઝ ટેલર્સમાં લાગેલી આગમાં મધ્યમ વર્ગીય દુકાનદાર દરજીના ત્રણ સિલાઈ મશીન અને ગ્રાહકોના કપડા બળીને ખાખ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૯ ચીપ ટાઈપ શોપીંગ સેન્ટરમાં સ્થિત ચામુંડા લેડીઝ ટેલર્સની દુકાનમાં મધરાત્રે અચાનક આગ ભભુકી ઉઠી હતી. આગની દુર્ગંધથી ઉઠી ગયેલા છાપરાવાસીએ રાત્રે દુકાનદારને ફોન કરીને જાણ કરી બોલાવી લીધા હતા. ફાયરબ્રિગેડની ટીમને જાણ થતા પાણીનો મારો ચલાવી ટીમે આગને કાબુમાં લઈ લીધી હતી. પરંતુ ત્યાં સુધીમાં મધ્યમવર્ગીય દુકાનદાર દરજીના ત્રણ સિલાઈ મશીન અને ફર્નીચર ઉપરાંત ગ્રાહકોના કપડા આગમાં લપેટાઈને



ખાખ થઈ ગયા હતા.

સેક્ટર-૧૩માં રહેતા વિનોદભાઈ નટવરભાઈ દરજીને સે. ૨૯ ચીપટાઈપ શોપીંગમાં ચામુંડા લેડીઝ ટેલર્સ દુકાન છે. મધ્યરાત્રે ત્રણેક વાગ્યાના અરસામાં તેમની દુકાન પાછળ રહેતા છાપરાવાસીનો ફોન આવ્યો કે તેમની દુકાનમાં આગ લાગી છે. આગની દુર્ગંધથી ઉઠી ગયેલા છાપરાવાસીએ તપાસ કરતા દુકાનમાં આગ લાગી હોવાનું જાણતા તાત્કાલિક દુકાનદારને ફોન કરી બોલાવી લીધા હતા. ગાંધીનગર ફાયરબ્રિગેડને કોલ મળતા ફાયરબ્રિગેડની ટીમ પણ બનાવ સ્થળે પહોંચી ગઈ હતી અને પાણીનો સતત મારો ચલાવી આગ વધુ પ્રસરે તે પહેલા કાબુમાં લઈ લીધી હતી. વિનોદભાઈ દરજીની દુકાનમાં લાગેલી આગની લપેટમાં તેમના બે સીલાઈ મશીન, એક ઈન્ટરલોક મશીન અને ગ્રાહકોના કપડા ઉપરાંત કપડા મુકવાના રેક બળીને રાખ થઈ ગયા હતા. જો કે સદભાગ્યે રાત્રે લાગેલી આગને કારણે કોઈ અવરજવર ન હોવાથી કોઈને ઈજા કે જાનહાની થવા પામી નથી.

## ખૂણે ખાંચરેથી...

● રાજયના આરોગ્યતંત્રના અધિકારીઓની ત્રિદિવસીય ચિંતન શિબિરનો આજથી પ્રારંભ થયો છે. આ ચિંતન શિબિરમાં નીતિન પટેલ અને શંકરભાઈ ચૌધરી પણ ઉપસ્થિત છે.

● જયપુર ખાતે યોજાયેલ રાષ્ટ્રીય ટેકવૉન ડુ ચેમ્પીયનશીપમાં ભાગ લેવા ૧૫ સ્પર્ધકો આજે રેલવે માર્ગે જવા રવાના થયા છે. ૨ થી ૪ ઓક્ટો. દરમ્યાન જયપુર સવાઈ માનસિંહ સ્ટેડિયમ ખાતે સ્પર્ધા યોજાવાની છે.

● ગાંધીનગર જિલ્લામાંથી ચોમાસાએ વિધિવત્ વિદાય લીધી છે.

● સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત આજે સે. ૧૩માં સૂચનો મેળવવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

● મહાનગરપાલિકા દ્વારા ૯૪ વર્ગ-૪ના કર્મચારીઓને ગણવેશ આપશે.

● શહેરમાં આજે પહેલીવાર વડીલ દિવસની ઉજવણી થઈ હતી.

● જિલ્લા પંચાયતના એકાઉન્ટ ઓફિસર દેવાંગ પટેલના પરિવારના બે સભ્યો ડેન્ગ્યુમાં સપડાયા છે.

# કલોલમાં હાઈપ્રોફાઈલ જુગારધામ પર દરોડો

## ૧૪ જુગારીઓની ૧ લાખના મુદ્દામાલ સાથે ધરપકડ : વગદાર જુગારીઓને છોડાવવા ફોન પર ફોન શરૂ થઈ ગયા : સ્થાનિક પોલીસની સંડોવણી નીકળશે તો પી.આઈ. સસ્પેન્ડ થશે : હસમુખ પટેલ

ગાંધીનગર, તા. ૧

કલોલના સરદાર બાગ પાસે સ્થિત મૌલીક ફલેટમાં હાઈપ્રોફાઈલ જુગારધામ ચાલી રહ્યું હોવાની બાતમીને આધારે રેન્જ આઈ.જી.પી. હસમુખ પટેલની આર.આર. સેલ સ્કવોર્ડે દરોડો પાડી ૧૪ જુગારીઓને ઝડપી પાડ્યા હતા. આ જુગાર કસીનોની માફક પ્લાસ્ટીકના ટોકન કોઈન વડે રમાડાતો હતો. રૂ. ૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને ૧૪ની ધરપકડ કરવામાં આવી છે. સમગ્ર કેસની તપાસ એલસીબી પી.આઈ. આશુતોષ પરમારને અપાઈ છે. સ્થાનિક પોલીસની સંડોવણી ખુલશે તો પી.આઈ.ને સસ્પેન્ડ કરવામાં આવશે તેમ હસમુખ પટેલે જણાવ્યું છે.

આર.આર. સેલે કલોલ શહેરના સરદાર બાગ પાસે સ્થિત



મૌલિક ફ્લેટના મકાન નં.૧ માં બાતમીને આધારે દરોડો પાડી હાઈપ્રોફાઈલ જુગારધામ પકડાયું છે. સ્થાનિક પોલીસને જુગારધામ અંગે માહિતી જ ન હતી કે સંડોવણી હતી ? તે અંગે મોટો પ્રશ્નાર્થ છે. આરઆરસેલે દરોડો પાડી ૧૪ જુગારીઓ પકડ્યા હતા. જેમાં રૂ. ૬૨,૯૬૦ રોકડા તથા ૧૫ મોબાઈલ મળી રૂ. ૧,૦૪,૬૬૦ની કિંમતનો મુદ્દામાલ મળી આવ્યો હતો. તે ઉપરાંત સ્થળ પરથી પાના-પત્તાની ૧૫ કેટ, નાના-મોટા પ્લાસ્ટીકના ૨૬૪ કોઈન અને હિસાબની ડાયરી પણ મળી આવતા પોલીસે આ મુદ્દામાલ પણ કબ્જે કર્યો છે. સ્થાનિક પોલીસ બેદરકાર હતી કે તેની સંડોવણી તેની પણ તપાસ થશે. જેની તપાસ એલસીબી પીઆઈ આશુતોષ પરમારને સોંપાઈ છે. રેન્જ આઈ.જી.પી. હસમુખ પટેલના જણાવ્યાનુસાર હજુ સુધી સ્થાનિક પોલીસની સંડોવણી અંગે તપાસ ચાલી રહી છે. જો સંડોવણી ખુલશે તો સસ્પેન્શનના પગલા ભરાશે. તે ઉપરાંત કબ્જે લેવાયેલી ડાયરી ઘણા રહસ્યો ખોલે તેવી શક્યતા વર્તાઈ રહી છે.

### ૧૪ જુગારીઓના નામ

૧. કૃણાલ ઊર્ફે ભઈલુ હરીભાઈ બારોટ (મુખ્ય સૂત્રધાર)
૨. નિમેશ ઊર્ફે નિલેશ મહેન્દ્ર ભાઈ બારોટ
૩. ધર્મેશ રમેશભાઈ બારોટ
૪. નંદનભાઈ ભગવાનદાસ પટેલ
૫. રફીક દાઉદભાઈ મેમણ
૬. મિલન લલીતભાઈ શાહ
૭. વિજય ચંદુભાઈ શાહ
૮. મહેશ અંબાલાલ પટેલ
૯. સઈદખાન બાજીદખાન પઠાણ
૧૦. પિયુષ નટવરલાલ પટેલ
૧૧. રવિન્દ્ર શંકરલાલ પટેલ
૧૨. મુકેશ મનુભાઈ પટેલ
૧૩. અલ્કેશ ચંપકલાલ શાહ
૧૪. ગોપાલ પ્રમચંદ સિંધી

## વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૧ની પરિક્ષાના ફોર્મ ૫ ઓકટોબર સુધી ભરી શકાશે

ગાંધીનગર તા ૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનારી વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૧ ૨૦૧૫ ની પરિક્ષાના ઓન લાઈન ફોર્મ ભરવાની સમય મર્યાદા તા ૫ ઓકટોબર સુધી લંબાવામાં આવી છે. બપોરે ૧૨ કલાક સુધી આવેદનપત્રો સ્વીકારવામાં આવશે. જયારે આ મામલે હવે પછીની કોઈપણ રજુઆત સ્વીકારવામાં આવશે નહી જેની વિજ્ઞાન પ્રવાહના આચાર્યોએ નોંધ લેવા પણ પરિક્ષા સચિવ વી આર ગોસાઈએ જણાવ્યુ છે.

## વીર સાવરકર અખિલ ભારત સમુદ્ર તરણ સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૧

શ્રી હરિઓમ આશ્રમ પ્રેરિત અને કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગરની કચેરીના ઉપક્રમે ૨૯મી વીર સાવરકર અખિલ ભારત સમુદ્ર તરણ સ્પર્ધા આગામી ફેબ્રુઆરી-૧૬માં યોજાનાર છે. વધુમાં તરણ સ્પર્ધામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ૧૮ થી ૪૦ વર્ષની વયમર્યાદા ધરાવતા કોઈપણ યુવક - યુવતી ભાગ લઈ શકશે તેમજ સમુદ્ર તરણ સ્પર્ધામાં ખાસ વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય અને વય જૂથમાં ન આવતા યુવક-યુવતીઓ પણ અરજી કરવાપાત્ર છે. પરંતુ આવા સ્પર્ધકોની અરજીને પસંદગી સમિતિ દ્વારા ગ્રાહ્ય રાખવામાં આવશે તો તેઓ સ્પર્ધામાં ભાગ લઈ શકશે.

## અનુ. જાતિ વિકાસ નિગમ અને ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના બાકીદારોનું ૮૧ કરોડનું વ્યાજ માફ

ગાંધીનગર, તા. ૧

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે ગુજરાત અનુસૂચિત વિકાસ નિગમ અને ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના બાકીદારોનું વ્યાજ અને દંડનીય વ્યાજ મળી કુલ રૂ. ૮૧ કરોડની રકમ માફ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ડૉ. બાબા સાહેબ આંબોડકરની ૧૨૫મી જન્મ જયંતિ ઉજવણીના ભાગરૂપે રાજ્યભરમાં અનેકવિધ કાર્યક્રમોનું આયોજન રાજ્ય સરકારે કર્યું છે. કાર્યક્રમોની સાથોસાથ યોજનાકીય અમલીકરણ દ્વારા વિશેષ લાભો આપવાનું પણ આયોજન છે. અનુ. જાતિઓ તેમજ સફાઈ કામદારોના આર્થિક ઉત્કર્ષ માટે નિગમો દ્વારા સીધા ધિરાણની યોજનાઓમાં લોન ધિરાણ કરવામાં આવેલ હતું. આ લાભાર્થીઓ સંજોગોવસાત લોન ભરપાઈ કરી શક્યા નથી. પરિણામે લોન પરનું વ્યાજ અને દંડનીય વ્યાજ સમય જતાં વધી જવા પામેલ છે. આર્થિક રીતે નબળા વર્ગના લોકો આવી રકમ ભરવાની સક્ષમતા ધરાવતા નથી. આ સંજોગોમાં ધિરાણ પરનું વ્યાજ અને દંડનીય વ્યાજની રકમ માફ કરવા માટે ગતિશીલ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ નિર્ણય કર્યો છે. જેમાં ''વન ટાઈમ સેટલમેન્ટ યોજના'' હેઠળ ગુજરાત અનુ. જાતિ વિકાસ નિગમ અને ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના કુલ ૬૩,૨૫૮ બાકીદારોનું વ્યાજ અને દંડનીય વ્યાજ મળી કુલ રૂ. ૮૧,૦૦ કરોડની રકમ માફ કરવામાં આવશે. ડૉ. બાબા સાહેબ આંબોડકરની ૧૨૫મી જન્મ જયંતિ નિમિત્તે જાહેર કર્યા મુજબ આ વન ટાઈમ સેટલમેન્ટની યોજના બનાવી છે. આ યોજનાનો અમલ થતાં કુલ ૬૩,૨૫૮ લાભાર્થી બાકીદારોને રૂ. ૮૧.૦૦ કરોડનો લાભ થશે.



આજનો દિવસ સ્વચ્છ ભારત અભિયાનની શરૂઆત એટલે પૂજ્ય મહાત્મા ગાંધીના જન્મદિને પણ ચારોતરફ ગંદકીના ઢગ જોવા મળે છે. આપણા સૌની ફરજ અને મહાત્મા ગાંધીને સાચી શ્રદ્ધાંજલિ જ એ છે ચોતરફ સ્વચ્છતા હોય. 'સ્વચ્છતા ત્યાં જ પ્રભુતા' આ ઉક્તિ સાર્થક કરવી સૌની નૈતિક જવાબદારી છે, તો જ બાપુના સપનાના ભારતને બનાવી શકાશે... (તસવીર : કશ્યપ નીમાવત)

## ટીંટોડા પાસેથી બે ભાઈઓ દારૂની બોટલ સાથે પકડાયા

### બાઈક લઈને બે બોટલ સાથે જતા બંને ભાઈઓની ધરપકડ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર નજીક ટીંટોડા ગામની ભાગોળ પાસે પેથાપુર પોલીસ મથકના પીએસઆઈ ટી.બી. પંડયા વાહન ચેકીંગમાં હતા ત્યારે ટીંટોડાના ચામુંડા પાન પાર્લર પાસેથી બાઈક લઈને નીકળેલા બે ભાઈઓને ઉભા રાખી ચેકીંગ કરતા તેમની પાસેથી દારૂની બે બોટલો મળી આવી હતી. ટીંટોડાના બંને ભાઈઓ દિપક હિંમત ઠાકોર અને રાજુ હિંમત ઠાકોર બંનેની દારૂની બે બોટલ સાથે ધરપકડ કરી લઈ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસે બે બોટલ, બાઈક અને એક મોબાઈલ મળી કુલ રૂ. ૧૧,૧૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

## કાર્યપાલક ઈજનેર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાટનગર યોજના ભવનના વિવિધ ડીવિઝનમાં નિવૃતિના દૌર બાદ મોટાભાગની મહત્વની જગ્યાઓ ખાલી છે. જેમાં નાયબ કાર્યપાલક ઇજનેરની ૨૦ પૈકી ૧૩ જગ્યાઓ ખાલી હોવાથી કચેરીઓમાં મોટાભાગની ચેમ્બરો ખાલી જોવા મળે છે. શહેરમાં માળખાગત સુવિધાઓ પુરી પાડવાની જવાબદારી ઉપરાંત વિકાસના નતનવા પ્રોજેકટોને આગળ ધપાવવાનુ કામ કરતુ તંત્ર જ રામભરોસે હોય તેવી સ્થિતિ સર્જાઇ છે. જયારે નાયબ કાર્યપાલક ઇજનેરની સાથે એસ ઓ ની પણ ૫૦ ટકા થી પણ વધુ જગ્યાઓ ખાલી છે. આવા સંજોગોમાં મેન પાવરના અભાવ વચ્ચે ફરજ બજાવતા અધિકારીઓ પણ કામગીરીથી ગળે આવી ગયા હોવાનો આક્રોશ પ્રવર્તયો છે.




